**જાહેરખબર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ,**

**બ્લોકનં.૪, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.**

**પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના (વર્ષ ૨૦૨૧-૨૨)**

નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી- વિમુક્ત જાતિઓના ઘર વિહોણા ઈસમોને મકાન સહાય આપવાની યોજના અમલમાં છે. સદરહુ યોજના હેઠળ લાભ મેળવવા ઇચ્છતા અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતા અરજદારો પાસેથી esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર તા.૦૧/૦૬/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી ઓનલાઇનથી અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં સહાય મેળવવવા માટેની અરજી ઓનલાઇનથી જ કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી ડોક્યુમેન્ટ પણ ઓનલાઇનથી અપલોડ કરવાના રહેશે.

(૨) અરજીમાં સંપૂર્ણ માગેલ વિગતો ભરેલ નહી હોય અથવા અધૂરા દસ્તાવેજો વાળી અરજી હશે તો તે આપોઆપ રદ (નામંજુર) ગણાશે.

(૩) ઓનલાઇન અરજીમાં સામાન્ય ક્ષતિ પૂર્તતા હોય તો નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી(વિકસતી જાતિ) દ્વારા પૂર્તતા કરવા જણાવવામાં આવે તો દિન-૧૫માં પૂર્તતા કરી અરજી જિલ્લા અધિકારીને મોકલવાની રહેશે. ત્યારબાદ મળેલ અરજી રદ ગણાશે.

(૪) અરજદાર મુળ ગુજરાત રાજ્યના વતની હોવા જોઇએ.

(૫) અરજદારના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- થી વધુ હોવી જોઇએ નહી.

(૬) અગાઉના વર્ષોમાં અરજદાર કે તેમના કુટુંબના સભ્યોએ આ ખાતા દ્વારા કે ગુજરાત રાજ્યના અન્ય કોઇ ખાતામાંથી આ પ્રકારની સહાય મેળવેલ હોવી જોઇએ નહિ.

(૭) આ યોજનનો લાભ કુટુંબમાંથી કોઇ એક જ વ્યક્તિને એક જ વાર મળવાપાત્ર છે.

(૮) જરૂર જણાયે જિલ્લા કચેરીના અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા જ્યારે ઓરીઝનલ ડોક્યુમેન્ટ માંગવામાં આવે ત્યારે બતાવવાના/ આપવાના રહેશે.

(૯) વર્ષ ૨૦૨૦-૨૧માં અરજદારે ઓનલાઇન અરજી કરેલ હોય અને તે પસંદ થયેલ ન હોય તો તે અરજી રદ ગણવાની રહેશે અને તેવા અરજદાર ચાલુ વર્ષે લાભ લેવા માગતા હોય તો નવેસરથી અરજી કરવાની રહેશે.

(૧૦) ઓનલાઈન અરજીમાં અરજદારે પોતાના અથવા પોતાના કુંટબના વ્યક્તિનો મોબાઈલ નંબર આપવાનો રહેશે. અન્ય વ્યક્તિનો નંબર આપેલ હશે અથવા એક જ નંબરથી વધુ અરજીઓ આવેલ હશે તો આવી અરજીઓ રદ ગણવામાં આવશે.

(૧૧) અરજદાર દ્વારા ઓનલાઇન કરેલ અરજીનું સ્ટેટસ જાણવા વેબસાઇટ જોતા રહેવું.

(૧૨) અરજી મંજુર કરવાની સત્તા જિલ્લા અધિકારીશ્રીની રહેશે. જે અંગે બીજો કોઇ હક્કદાવો કરી શકાશે નહીં.

(૧૩) વધુ અરજીઓ આવેલ હશે તો જે તે જિલ્લાના લક્ષ્યાંક અને તાલુકાના લક્ષ્યાંકના આધારે ડ્રો પધ્ધતિથી રાજ્ય/ જિલ્લામાંથી લાભાર્થીની પસંદગી કરવામાં આવશે.

(૧૪) આ યોજનાનો લાભ અરજદારને ચાલુ વર્ષ લીધેલ/મળેલ ન હોય તો તે અરજદાર બીજા વર્ષ પુન: અરજી કરી શકે છે.

(૧૫) પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં સહાય મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવામાં મદદરૂપ થઈ શકે તે માટે યોજનાની પાત્રતાના માપદંડો, નમુનાનુ ફોર્મ, નિયત સોગંદનામા, જરૂરી જોડવાના આધારોની યાદી, FAQs esamajkalyan.gujarat.gov.inના DASHBOARD પર નિયામક વિકસતી જાતિ કલ્યાણમાં આપેલ છે. જેનો સંપુર્ણ અભ્યાસ કરી અરજદારે ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ વિશેષ માહિતી જિલ્લાના નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિકસતી જાતિ)ની કચેરીમાંથી પણ મળી રહેશે.

(૧૬) પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં સહાય મેળવવા બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે.

(એન.એ.નિનામા IAS)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

સ્થળ:- ગાંધીનગર
તા. ૩૧/૦૫/૨૦૨૧